**ભેસાણના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામ–ભેસાણ.**

ક્રિમીનલ કેસ નં. ૩૩૬/૨૦૨૬.
આંકઃ–

ફરિયાદીઃ– શ્રી સ ર કા ર

**વિ રૂ દ્ધ**

આરોપીઃ– **(૧) શૈલેષગીરી રમેશગીરી ગોસાઈ,**
ઉ.વ.૩૭, ધંધો–ડ્રાઈવીંગ,
રહે.રાજકોટ ખોડીયાર પરા ચામુંડાનગર કનૈયા ડેરીની, બાજુમાં પાણીના ટાંકા સામે શેરી નં.ર, મુળ રહે.હાઢ વાયા,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ.
**(૨) આશિષભાઈ જયસુખભાઈ વેકરીયા,**
ઉ.વ.૨૮, ધંધો–ડ્રાઈવીંગ,
રહે.ધારી ગેટ નં.ર, શેરી નં.ર, તા.ધારી, જી.અમરેલી.

**ગુનોઃ–** ભારતીય ન્યાય સંહીતાનીની કલમ– ૧૪૦(૨), ૩૦૮(૬), ૬૧(૨), ૫૪ મુજબ

**––// કમીટલ હુકમ //––**

(૧).. આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ ફરીયાદી પાસેથી પૈસા પડાવવા માટે કાવતરુ રચી આ કામના ફરીયાદીને ફોનમાં ટેક્ષ મેસેજ તથા ટેલીફોનીક વાતચીત કરી જાનવી તરીકે ખોટુ નામ આપી અને ફરીયાદીને પ્રેમ જાળમા ફસાવી લાલચ આપી વીરપુર મળવા બોલાવી ફરીયાદી તથા આ કામના નહી પકડાયેલ અન્ય ચાર્જશીટના કોલમ નં.રમાં જણાવેલ આરોપી નં (૪) પોતાની ટાટા કંપનીની પંચ ફોરવ્હીલ કાર જેના રજી નં GJ–

36–AL–6320 વાળી લઈ મળવા આવતા આરોપી નં (૪) નાઓએ ત્યાથી ફરીયાદી તથા આરોપી નં. (૪) નાઓએ પોતાના નણંદને ત્યાં બીલખા મુકી જવાનુ કહી ગાડી પરબ થઈ બીલખા તરફ જવા નુ કહી ભેસાણ થી છોડવડી ગામ તરફ જતા રસ્તે ઇંટુના ભઠ્ઠા પાસે વોશરુમ નું બહાનું કરી ફોરવ્હીલ કાર રોકાવતા આરોપી નં (૧) તથા (૨) તથા અન્ય બે ઈસમો પાછળથી મોટર સાઈકલ લઈને આવી એક મોટર સાઈકલ મા બેસાડી ભેસાણ તરફ જતા રહી બીજા ત્રણ ઈસમો ઉપરોકત ફોરવ્હીલ કારમા બેસી જઈ ફરીને પાછળની સીટમા બેસાડી દઈ અને આરોપી નં (૪) ને ડ્રાઈવર ની સીટની બાજુની સીટમાં બેસાડી દઈ આરોપીઓના પ્લાન મુજબ ફરીયાદીને એક ઈસમને કોલમ નં (૨) મા જણાવલ આરોપી નં (૧) પોતાના ભાભી હોવાનુ કહી અને ક્યા લઈ ને જતા હતા તેવુ કહી બળાત્કારની ફરીયાદ કરવાની ધમકી આપી જો ફરીયાદ ન કરવી હોય તો ચાર્જશીટની કોલમ નં (૨) મા જણાવેલ આરોપી નં (૧) નાઓને બે દીકરીઓ હોય જેના નામે ૨૫–૨૫ લાખ રૂપીયા મુકી દો તેવી વાત કરી આ કામના ફરીયાદીએ પૈસા નહી હોવાનુ કહેતા આરોપી નં (૧) નાઓએ કોઈ જોડે વાત કરી ૨૦ લાખ રૂપીયા આપવા બાબતે જણાવી ફરીયાદીનો ફોન ચેક કરતા બે અલગ અલગ ખાતામા ૧૦–૧૦ લાખ પડેલા હોય જેથી ચેક મંગાવવાનુ કહી નહીતર છોડવામા નહી આવે તેમ કહેતા ફરીયાદીએ તેમના માતા સાથે ચેક બાબતે વાત કરતા ચેક ન આપવાનુ કહેતા ફરીયાદીને વીસાવદર બાજુ પોલીસ સ્ટેશન ખાતે ગાડી લઈ લો તેમ કહી ડરાવી ફરીયાદીને જવા દેવાની વાત કરી અને કોલમ નં (૨) મા જણાવેલ આરોપી નં (૪) નાઓનાંમાં પ્લાન મુજબ ગોંધી

રાખી ફરીયાદી પૈસા લઇને આવે ત્યારે આરોપી નં (૪) નાઓને છોડવા બાબતેની વાત આરોપી નં. (૧)નાઓએ કરી ફરીયાદીને જેતપુર બસ સ્ટેન્ડ ખાતે ઉતારી તમામ આરોપીઓના પ્લાન મુજબ ગોંધી રાખી ફરીયાદી પૈસા લઇને આવે ત્યારે આરોપી નં.(૪)નાઓને છોડવા બાબતેની વાત આરોપી નં.(૧)નાએ કરી ફરીયાદીને જેતપુર બસ સ્ટેન્ડ ખાતે ઉતારી તમામ આરોપીઓના પ્લાન મુજબ આરોપી નં (૪)આ કામના ફરીયાદીને પૈસા બાબતે અવાર નવાર ફોન કરી માંગણી કરી જો પૈસા નહી આપવામાં આવે તો નહી જવા દે તેવુ કહી કોલમ નં (૨) મા જણાવેલ આરોપી નં (૪) નુ અપહરણ કરાવી તથા જાનથી મારી નાખવાની પ્લાન મુજબ ધમકી આપી બળાત્કારના કેશમા ફસાવી દેવાની ધમકી આપી ફરીયાદી પાસેથી ૫૦ લાખ રૂપીયાની માંગણી કરી જો પૈસા ન આપે તો આરોપી નં (૪) ને જાનથી મારી નાખવાની ધમકી આપી ગોંધી રાખી આમ તમામ આરોપીઓએ સાથે મળી ગુન્હીહત કાવતરુ રચી ફરીયાદીને તેઓના કાવતરા મુજબ મળવા બોલાવી પૈસા પડાવવા નો પ્લાન કરી ગુન્હામા એકબીજાને મદદગારી કરી ભારતીય ન્યાય સં હીતાની કલમ–૧૪૦(૨), ૩૦૮(૬), ૬૧(૨), ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલ હોવાનો આક્ષેપ છે.

(૨).. આ કામના ફરિયાદીએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો રજીસ્ટર કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૪૦(૨), ૩૦૮(૬), ૬૧(૨),૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ ચાર્જશીટ નામદાર કોર્ટ સમક્ષ રજુ

કરેલ છે.

(૩) આરોપીઓને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે. આરોપીઓએ ખાનગી વકીલ રોકવા અંગેની પુરસીસ તથા પોલીસ પેપર્સ મળ્યા બદલની પુરસીસ રજુ કરેલ છે. વધુમાં આરોપીઓએ તારીખ–**૨૨/૦૬/૨૦૨૬** ના રોજ નામદાર સેશન્સ અદાલતમાં હાજર રહેવાની સમજ મળેલ છે તેવુ પુરસીસ આપી જાહેર કરેલ છે.

(૪) હવે, આ કામના આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનો ભારતીય ન્યાય સંહીતાની નીકલમ–૧૪૦(૨), ૩૦૮(૬), ૬૧(૨),૫૪ મુજબનો ગુનાઓ પૈકી આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપાયેલ ભારતીય ન્યાય સંહીતાની કલમ–**૧૪૦(૨)** મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા એક માત્ર નામદાર સેશન્સ અદાલતને હોય, આરોપીઓ વિરૂધ્ધનો કેસ ઈન્સાફી કાર્યવાહી સારૂ નામદાર સેશન્સ કોર્ટ તરફ કમીટ કરવાનુ યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૩૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુકમ :–**

૧. આ કામના આરોપી નં.(૧) શૈલેષગીરી રમેશગીરી ગોસાઈ,ઉ.વ.૩૭, ધંધો–ડ્રાઈવીંગ,રહે.રાજકોટ ખોડીયાર પરા ચામુંડાનગર કનૈયા ડેરીની, બાજુમાં પાણીના ટાંકા સામે શેરી નં.૨,મુળ રહે.હાઢવાયા,તા.કોટડા સાંગાણી,જી.રાજકોટ તથા નં.(૨) આશિષભાઈ જયસુખભાઈ વેકરીયા, ઉ.વ.૨૮,ધંધો–ડ્રાઈવીંગ,રહે.ધારી

ગેટ નં.૨, શેરી નં.૨,તા.ધારી, જી.અમરેલી વાળાના ઓનો સદર ક્રિમીનલ કેસ નં.૩૩૬/૨૦૨૬ નામદાર સેશન્સ કોર્ટ, વિસાવદર તરફ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ અન્વયે કમીટ કરવામાં આવે છે.

૨. આ કેસનુ તમામ રેકર્ડ તથા મુદ્દામાલ(જો કોઇ હોય તો) નામદાર સેશન્સ કોર્ટ, વિસાવદર ને સત્વરે મોકલી આપવું.

૩. આ કેસ કમીટ થયાની વિસાવદર જિલ્લા સરકારી વકીલશ્રી, વિસાવદરનાઓને અલાયદી યાદી કરી જાણ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ કા્મના આરોપીઓને નામદાર સેશન્સ કોર્ટ,વિસાવદર સમક્ષ **તા.૨૨/૦૬/૨૦૨૬** ના રોજ કલાક ૧૦–૪૫ વાગ્યે હાજર રહેવાની સમજ આપવામાં આવેલ છે.

૫. હાલના કામે આરોપીઓ યુ.ટી.પી હોય તે મુજબ નિયમોનુસાર કામ કમીટ કરવુ.

હુકમ આજરોજ તારીખ ૦૮ મી,જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૮/૦૬/૨૦૨૬.
સ્થળ – ભેંસાણ.

**ભાસ્કરકુમાર રમેશભાઈ કારીયા**
CODE No. GJ 01626
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેંસાણ.